## "મુખ્યમંત્રી અમૃત્તમ "મા" યોજનાનો વ્યાપ વધારવા બાબત.
## "મુખ્યમંત્રી અમૃત્તમ વાત્સલ્ય" યોજના

ગુજરાત સરકાર
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ એફપીડબલ્યુ-૧૦૨૦૧૨-૪૭૧-બ.૧
સચિવાલય ગાંધીનગર
તા. ૨૬/03/૨૦૧૫

**વંચાણે લીધાઃ-**

(૧).આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ના તા.૧૮/૦૪/૨૦૧૨ના ઠરાવ ક્રમાંકઃએફપીડબ્લ્યુ/ ૧૦૨૦૧૨/૪૭૧/બ.૧

(૨).આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ના તા.૧૩/૦૮/૨૦૧૪ના ઠરાવ ક્રમાંકઃએફપીડબ્લ્યુ/ ૧૦૨૦૧૨/૪૭૧/બ.૧

(૩). કમિશ્નરશ્રી (આરોગ્ય) ગાંધીનગર ની એસ. એફ. એસ. ફાઈલ ક્રમાંક-આરબીવાય/૧૧૨૦૧૧/ ૭૭૪૯૭ મળેલ દરખાસ્ત.

**આમુખ**

સંદર્ભ ક્રમાંક(૧) ના ઠરાવથી ગુજરાત સરકારે વર્ષ ૨૦૧૨થી ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબ (પાંચ વ્યકિત) ને ગંભીર બિમારીઓ માટે કુટુંબ દીઠ વાર્ષિક મહત્તમ રૂ.૨,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા બે લાખ ) સુધીની કેશલેસ સારવાર મળી રહે અને આર્થીક રીતે ખર્ચાળ એવા ગંભીર રોગોમાં ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબને મદદરૂપ થવાના હેતુથી મુખ્યમંત્રી અમૃતમ "મા" યોજના અમલી કરેલ છે.

આ યોજનાને રાજ્યમા મળેલ વ્યાપક આવકારને ધ્યાને લઇ સંદર્ભ ક્રમાંક (૨)ના ઠરાવથી રૂ. ૧.૨૦ લાખ( એક લાખ વીસ હજાર પુરા)થી ઓછી પારિવારીક વાર્ષિક આવક ધરાવતા નીચલા મધ્યમ વર્ગના પરિવારોની તમામ મહિલાઓ અને આવા પરિવારોના ૨૧ વર્ષની વય સુધીના બાળકો-યુવાનોને ગંભીર બિમારીઓની સારવાર વિનામુલ્યે મળી રહે તે માટે "મા વાત્સલ્ય" યોજના અમલી કરેલ છે. આ યોજના થકી હજારો દર્દીઓનાં અમુલ્ય જીવન બચાવી શકાયા છે. તે ધ્યાને લઈ મુખ્યમંત્રી અમૃતમ "મા વાત્સલ્ય" યોજનાના વ્યાપ વધારવા સંદર્ભ ક્રમાંક(૩)થી મધ્યમ વર્ગના પરિવારોના ૨૧ વર્ષથી વધુ વયના પુરૂષોનો પણ સમાવેશ કરવા દરખાસ્ત કરેલ છે.

આ બાબત ધ્યાને લઇ રૂ. ૧.૨૦ લાખ( એક લાખ વીસ હજાર પુરા)થી ઓછી પારિવારીક વાર્ષિક આવક ધરાવતા મધ્યમ વર્ગના પરિવારોના ૨૧ વર્ષથી વધુ વયના પુરૂષોનો પણ સમાવેશ કરવાની બાબત સરકારશ્રીની વિચારણામાં હતી.

**સુધારા ઠરાવઃ**

આથી પુખ્ત વિચારણાને અંતે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ના તા.૧૩ /૦૮/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક:એફપીડબ્લ્યુ/૧૦૨૦૧૨/૪૭૧/બ.૧ માં શરત નં-૧.૧માં નીચે મુજબ સુધારવામાં આવે છે.

" ૧.૧ આ યોજના રાજયના સમગ્ર ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારમાં વસતા અને રૂ. ૧.૨૦ લાખ ( એક લાખ વીસ હજાર પુરા)થી ઓછી પારિવારીક વાર્ષિક આવક ધરાવતા મધ્યમ વર્ગના પરિવારોના તમામ સભ્યોને ( મહત્તમ કુટુંબના કુલ પાંચ વ્યકિત સુધી)ને લાગુ પાડવામાં આવે છે. નવા જન્મતા બાળકોને આ યોજનામાં છઠ્ઠા સભ્ય તરીકે આવરી લેવાના રહેશે."

વિભાગના તારીખ ૧૩-૮-૨૦૧૪ના ઠરાવ ક્રમાંક એફપીડબલ્યુ-૧૦૨૦૧૨-૪૭૧-બ.૧ની અન્ય શરતો યથાવત રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર મળેલ નાણા વિભાગના તા.૧૬-૩-૨૦૧૫ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(પરિતોષ ક્રિશ્ચિયન)
સંયુકત સચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

પ્રતિ,

- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (આરોગ્ય)ના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.

- માન.રા.ક.મંત્રીશ્રી(આરોગ્ય)ના અંગત સચિવશ્રી.સચિવાલય, ગાંધીનગર.
- તમામ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી.સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો
- કમિશ્નરશ્રી,(આરોગ્ય) કમિશ્નરશ્રી, આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરી. પ.ડાં. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી,(પ.ક) કમિશ્નરશ્રી, (આરોગ્ય )ની કચેરી, પ.ડાં. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી.(આરોગ્ય) કમિશ્નરશ્રી.( આરોગ્ય )ની કચેરી, પ.ડાં. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી,(તબીબી) કમિશ્નરશ્રી,(આરોગ્ )ની કચેરી, પ.ડાં. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી,(તબીબી શિક્ષણ) કમિશ્નરશ્રી,( આરોગ્ય )ની કચેરી. ૪.ડાં. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી,ભારતીય તબીબી,અને હોમીયોપેથી.પધ્ધતિ,૧.ડાં. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી,તબીબી સેવાઓ કામદાર રાજય વિમા યોજના, ઇન્કમટેક્ષ ઓફીસ સામે આશ્રમરોડ, અમદાવાદ.
- નાણાં સલાહકારશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- નાણા વિભાગ- બજેટ શાખા, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી મહેસુલ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી મહિલા અને બાળ વિકાસ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સર્વે સંયુકત સચિવશ્રી / નાયબ સચિવશ્રી/ ઉપ સચિવશ્રીઓ
- એકાઉન્ટન્ટ જનરલશ્રી રાજકોટ/અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી અમદાવાદ /ગાંધીનગર.
- સર્વે વિભાગીય નાયબ નિયામકશ્રીઓ આરોગ્ય અને તબીબી સેવાઓ
- જિલ્લા કલેકટરશ્રીઓ (તમામ)

- જિલ્લા વિકાસ અધિકારીશ્રી(તમામ)
- મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી (તમામ)
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી (તમામ)
- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની સર્વે શાખાઓ
- સીસ્ટમ મેનેજર આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ સચિવાલય, ગાંધીનગર તરફ વેબ સાઈટ ઉપર અપલોડ કરવાની વિનંતી સાથે
- સીસ્ટમ મેનેજર,કમિશ્નરશ્રી(આરોગ્ય)ની કચેરી તરફ વેબ સાઈટ ઉપર અપલોડ કરવાની વિનંતી સાથે
- સેકશન અધિકારીશ્રી મ-શાખા, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- સીલેકટ ફાઇલ- ૨૦૧૫.